વિશેષાંક
07

DIGITAL EDITION
JUNE 2025

વિશેષાંક : ૦૭ જુન ૨૦૨૫

દશનામ

સરક્યુલર

સમાજશ્રેષ્ઠી

વિશેષાંક

શ્રી **દશનામ** ગોસ્વામી
સમાજશ્રેષ્ઠીઓનો
જીવન **પરિચય...**

દશનામ

⊖ સરક્યુલર

વર્ષ : ૦૩ * સળંગ અંક : ૪૨

વિશેષાંક : ૦૭

જુન ૨૦૨૫

તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી
મો. 98985 50833

સહતંત્રી (વિશેષાંક)
રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી 'સારથિ'
મો. 99878 22505

E-mail
dashnamcircular@gmail.com

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
જામજોધપુર / સુરત.

ડિઝાઈન
જી.પબ્લીકેશન્સ
સુરત.

પ્રાપ્તિ સ્થાન

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

તંત્રીલેખ...

ૐ નમો નારાયણ,

દશનામ પરિવારજનો તેમજ વાચક મિત્રો,

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે દશનામ ગોસ્વામી સમાજના પ્રસિદ્ધ ઈ-મેગેઝિન **''દશનામ સરક્યુલર''** દ્વારા શ્રી દશનામ ગોસ્વામી સમાજના નિઃસ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા સક્રિય કાર્યકરો તેમજ સમાજને ગૌરવ મળે એવા પ્રેરણાત્મક કાર્યો કરતા વ્યકિત વિશેષનો જીવન પરિચય આપતો વિશેષાંક **''સમાજશ્રેષ્ઠી વિશેષાંક''** પ્રકાશિત થઈ રહ્યો છે. દરેક વિશેષાંકને આપ સૌના તરફથી ખૂબજ આવકાર મળે છે, તે બદલ આપ સૌ વાચક મિત્રો તેમજ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ ધન્યવાદ. આ અંક વિશે આપના અભિપ્રાય જરૂર મોકલશો.

ઉદ્દેશ્ય માત્ર એટલો જ કે નિઃસ્વાર્થ ભાવે સેવા બજાવતા કર્મઠ માનવોને સમાજ જાણે, પ્રેરણા મળે, સમાજમાં પોઝિટિવિટી આવે, એકતા વધે.

આપણા ભવ્ય ઈતિહાસને તાજો કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ આપ સૌને ગમશે એવી આશા સાથે...

ૐ નમો નારાયણ.

તંત્રીશ્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી

સહતંત્રીશ્રી
રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી "સારથિ"

... અનુક્રમણિકા ...

02... તંત્રીલેખ...

05... શ્રી મહેશગિરિ ગુલાબગિરિ ગોસ્વામી (જરખિયા - સુરત.)

07... શ્રી જીજ્ઞેશગિરિ જગદીશગિરિ ગોસ્વામી (ઓલપાડ - સુરત.)

09... શ્રી મનોજગિરિ ગૌરીગિરિ ગોસ્વામી (આંબળાશ - સુરત.)

12... શ્રી મેહુલગિરિ મહેશગિરિ ગોસ્વામી (ભૈરવ - સુરત.)

14... શ્રી ઉમેશપુરી કૈલાસપુરી ગોસ્વામી (મોરા ગામ - સુરત.)

17... પૂજાબેન મહેશગિરિ સુરેશગિરિ ગોસ્વામી (જૂનાગઢ)

19... નેહાબેન શૈલેષપુરી ગોસ્વામી (હળવદ - સુરત.)

21... શ્રી રાકેશપુરી કંચનપુરી ગોસ્વામી (પિંજરત - સુરત.)

23... “દશનામ સરક્યુલર” માસિક ગુજરાતી ઈ-મેગેઝિન દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે લિંક...

24... “દશનામ સરક્યુલર” દ્વારા પ્રકાશિત થયેલા વિશેષાંકોની ઝલક...

દશનામ સરક્યુલર

સમાજશ્રેષ્ઠી વિશેષાંક - ૭

ૐ નમો નારાયણ,

દશનામ પરિવારજનો તેમજ વાચક મિત્રો,

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે દશનામ ગોસ્વામી સમાજના પ્રસિદ્ધ ઈ-મેગેઝિન **''દશનામ સરક્યુલર''** દ્વારા દશનામ ગોસ્વામી સમાજનું નામ રોશન કરતા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ નિઃસ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા ગુજરાતભરના મહાનુભાવોનો જીવન પરિચય આપતો વિશેષાંક **''સમાજશ્રેષ્ઠી વિશેષાંક-૭''** પ્રકાશિત થઈ રહ્યો છે. દરેક વિશેષાંકને આપ સૌના તરફથી ખૂબજ આવકાર મળે છે, તે બદલ આપ સૌ વાચક મિત્રો તેમજ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ ધન્યવાદ. આ અંક વિશે આપના અભિપ્રાય જરૂર મોકલશો.

આપણાં ગોસ્વામી સમાજના **સમાજ સેવકો, કથાકાર, ડૉક્ટર, શિક્ષક, ભજનિક, મહિલા મંડળ, ખેલાડીઓ, સંતો-મહંતો, ચેતન સમાધિઓ, શૂરવીરો, કલાકારો, વગેરે મહાનુભાવોના જીવન પરિચય** સહિતના વિવિધ સાહિત્યિક વિશેષાંકો બનાવવામાં આવી રહ્યા છે. આપ કોઈપણ ક્ષેત્રમાં વૈવિધ્ય સભર કાર્ય કરતા હોવ તો સંપર્ક કરવા વિનંતી.

''દશનામ સરક્યુલર'' ઈ-મેગેઝિનનું કોઈ લવાજમ કે ફી લેવામાં આવતી નથી, તદ્દન નિઃશૂલ્ક ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવે છે. આપને નિયમિત અંક મળતો રહે તે માટે આ મેગેઝિનમાં આપેલ લિંક દ્વારા આપ ડાઉનલોડ કરી શકો છો. ધન્યવાદ.

''સમાજશ્રેષ્ઠી વિશેષાંક''માં આપના દ્વારા ધંધાકીય શુભેચ્છા, વડીલોને શ્રધ્ધાંજલિ, ફેમિલી ફોટાઓ, સંસ્થાકીય, મંડળ કે આશ્રમ દ્વારા શુભેચ્છા સંદેશ મોકલી આ સેવાકાર્યમાં આપનો સહયોગ પ્રદાન કરી શકો છો... શુભેચ્છા સંદેશ માટે તંત્રીશ્રી/સહતંત્રીશ્રીનો સંપર્ક કરો.

ૐ નમો નારાયણ.

તંત્રીશ્રી (વિશેષાંક)
લલિતપુરી રામપુરી ગોસ્વામી
(M.: 98985 50833)

સહતંત્રીશ્રી (વિશેષાંક)
રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી "સારથિ"
(M.: 99878 22505)

e-mail : dashnamcircular@gmail.com

સમાજ
ગૌરવ...

શંભુદળ યુવા બ્રિગેડ ઓલ ઈન્ડિયા
રાષ્ટ્રીય મહામંત્રી
શ્રી મહેશગિરિ ગુલાબગિરિ ગોસ્વામી
(જરખિયા - સુરત)

સુરતમાં ગુજરાત ભરમાંથી દશનામીઓ આવીને વસ્યા છે અને સમાજ સેવામાં યથાશક્તિ સૌએ યોગદાન આપ્યું છે. મૂળ જરખિયા, તાલુકો લાઠી, (મૂળ વતન દામનગર) અને હાલે ચલથાણ સ્થાઈ થયેલા મહેશગિરિ બાપુ મળવા જેવા સેવાભાવી માણસ છે.

માતૃશ્રી ચંપાબેન, પિતાશ્રી ગુલાબગિરિ બાપુના ખાનદાની ધર્મિક ખોરડે ૧ - ૬- ૧૯૬૯ના જન્મ. બાપુજી પોસ્ટમાં નોકરી કરતા. જીવનમાં ધર્મ કે પૈસા? એવા બે વિકલ્પ આવ્યા ત્યારે ક્ષણનોય વિલંબ કર્યા વિના ધર્મ પસંદ કર્યો અને ગામડે આવીને પુજા કરી. એ જમાનામાં પણ પોસ્ટમાં નોકરી મળવી મોટી ઉપલબ્ધિ હતી, પણ ધર્મ કાજે નોકરીને તિલાંજલિ આપી દીધી. આવા ધર્મ પ્રેમી પરિવારમાંથી આવતા હોવાથી સ્વાભાવિક રીતે જ ભગવા પ્રત્યે અપાર શ્રદ્ધા, લાગણી હોય.

ગામડે સાત ધોરણ પાસ કરી, બે વર્ષ લાઠી અપ ડાઉન કર્યું અને નવ ધોરણ પાસ કર્યું. 1983માં નવમું ભણીને રત્ન કલાકાર તરીકે નોકરી કરી. પ્રથમ પગાર અંકે રૂપિયા ૯૦૦/. સુરતમાં રહેતા ૯૦% લોકો હીરા ઉધોગમાં કોઈને કોઈ રીતે જોડાય છે. હીરા ઘડતાં ઘડતાં જ જીવતર ઘડે છે. પાનનો ગલ્લો પણ કર્યો. પણ જીવનનો ઉદ્દેશ્ય માત્ર આર્થિક ઉપાર્જન કરવો નહોતો. ભગવા પ્રત્યે અનહદ પ્રેમ. આથી જીવનની દિશા એવી નક્કી કરી, જેમાં ધર્મ જાળવી રાખવા બનતું બધું કરી છૂટાય. આથી ધર્મ તરફ ધીમે ધીમે આગળ વધ્યા અને આજે સુરતમાં બે ઐતિહાસીક ભવ્ય મંદિરોની પૂજા, અર્ચના કરે છે. સાધુ, સંતોની સેવા કરે છે.

એમનાં લગ્ન ૨૨-૦૧-૧૯૮૯ના રોજ ગઢડા તાલુકાના મોટા ઉમરડા ગામના ધર્મ પ્રેમી શ્રી બળદેવપુરી ભગવાનપુરી ગોસ્વામી બાપુનાં સંસ્કારી દીકરી ગીતાબેન સાથે થયાં. ત્રણ સંતાન છે - રાહુલગિરિ, તુષારગિરિ, કાજલબેન. સંતોષી નર સદા સુખી ના ન્યાયે જીવન આદર્શ રીતે જીવી જવાના મંત્રમાં માને છે.

નાનપણથી જ સમાજ પ્રત્યે લાગણી આથી અલગ અલગ મંડળમાં જોડાઈને સેવાકીય પ્રવૃતિઓ કરે છે. દશનામ ગોસ્વામી સમાજના ફાઇટર મેન શ્રી કુંવરગિરિ બાપુ સાથે મળીને શંભુ દળ યુવા બ્રિગેડ ઓલ ઈન્ડિયામાં છેલ્લા દશ વર્ષથી રાષ્ટ્રીય મહામંત્રી તરીકે કાર્યરત છે. આ સંગઠનમાં લાખો લોકો જોડાયા છે. સંગઠનનો મુખ્ય ધ્યેય છે સમાજમાં વૈચારિક ક્રાંતિ આણવાનો. વિવિધ પ્રશ્નોના સમાધાન માટે કુંવરગિરિ બાપુ તથા મહેશગિરિ બાપુ દિવસ, રાત જોયા વગર કાર્ય કરે છે. આ મંડળનું વિશાળ નેટવર્ક ગામડે ગામડે ફેલાયેલું છે. ગુજરાતના દરેક તાલુકામાં હોદેદારો હોવાથી કોઈ પણ સેવાકીય પ્રવૃત્તિ આસાનીથી થઈ શકે છે. સરળ અને આવકાર્ય વિચારધારાના હોવાથી મોટું મિત્ર વર્તુળ ધરાવે છે. લાઠી, લીલીયા, દામનગર ગોસ્વામી પ્રગતિ મંડળમાં બાર વર્ષથી અને સુરત દેવસ્થાન પુજારી મંડળમાં સાત વર્ષથી સેવા બજાવે છે. ઉપરાંત અનેક સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં પ્રત્યક્ષ, કે અપ્રત્યક્ષ રીતે જોડાયેલા છે. અલબત, સમાજમાં વાદ, વિવાદ વધ્યા હોવાથી ખિન્ન છે. પદ કરતાં સેવાને પ્રાધ્યાન આપવું જોઈએ એવું સ્પષ્ટ માને છે. એકબીજાના ટાંટિયા ખેંચવા કરતાં, એકમેકનો હાથ પકડીને ચાલવાની સલાહ આપે છે. સમાજના પછાત વર્ગને સાથ, સહકાર આપવો જોઈએ. સમાજના આગેવાનો લાગણી વાળા હોવા જોઈએ અને દરેક પ્રવૃતિને પ્રોત્સાહિત કરે એવા હોવા જોઈએ. વૈવિધ્ય સભર કામગીરી થતી રહેવી જોઈએ. ખોટા માણસોને દુર રાખો. આર્થિકતા નહીં, વૈચારિક રીતે સક્ષમ માણસને મહત્વ આપવું જોઈએ. આગેવાનો દ્વારા છેવાડાના માણસને મહત્વ આપે એવી ચીવટ રાખવી જોઈએ. શંભુ દળ યુવા બ્રિગેડ ઓલ ઈન્ડિયાના પ્રચાર, પ્રસાર માટે ખૂબ જહેમત ઊઠાવી. સુરતમાં પુજારીઓનું સંગઠન બનાવીને સનાતન ધર્મના પ્રચાર, પ્રસાર માટે મહત્વની કામગીરી બજાવી.

આવા ઉમદા માનવીને ઓમ નમો નારાયણ.

સમાજ
ગૌરવ...

દશનામ સમાજને એક તાંતણે બાંધતા માનવી.

શ્રી જીજ્ઞેશગિરિ જગદીશગિરિ ગોસ્વામી

(ઓલપાડ - સુરત)

સુરત સમસ્ત દશનામ ગોસ્વામી સમાજમાં અનેક વિરલ વ્યક્તિત્વ પડ્યાં છે. એમનાં જીવન - કવનને સમગ્ર ગુજરાતી ગોસ્વામી સમાજ સમક્ષ રજુ કરવાની અમારી આ કવાયતમાં આવો જાણીએ સુરત ગોસ્વામી વિકાસ મંડળનાં ઉપ પ્રમુખ શ્રી જીગ્નેશગિરિ જગદીશગિરિ ગોસ્વામીને....

મૂળ સુરતી લાલા એવા જીગ્નેશભાઇનો જન્મ 22-9-77, બલકશ, ઓલપાડ, સુરતમાં. માતાનું નામ પદ્મા બા. કોલેજનું પહેલું વર્ષ પૂરું કરીને હીરા ઘડવામાં લાગી ગયા. હીરા ઘસતાં ઘસતાં જીવન ઘડતર પણ શીખ્યા.1996માં શરૂ કરેલી 2500 રૂપિયાની નોકરી મોટા આંકડા સુધી પહોંચી. પંદર વર્ષ નોકરી કરી. દરમીયાન, સમાજ સેવામાં હાજર રહેતા. કંઈ પણ સામજિક, ધાર્મિક કાર્ય હોય, ભાઇ શ્રી અચૂક હાજર રહે.

આજે તેઓ બ્રોકરિંગ કરે છે. સારું એવું નામ ધરાવે છે. ત્રણેક વર્ષ અગાઉ સર્વાનુમતે ઉપ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. સુરત ગોસ્વામી વિકાસ મંડળમાં અનેક સુધારા કર્યા. કુરિવાજો ડામવા વંદનીય ગણાય એવી કામગીરી બજાવી. એકતા લાવવા જહેમત ઉઠાવી. સાથે સાથે સમજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણનું આયોજન કરતા રહે છે. યુવાઓમાં ખેલખુદને પ્રોત્સાહન મળે એ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે. ટેલેન્ટ હન્ટ જેવું. પ્રતિભાવાન યુવક, યુવતીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ માટે કટિબદ્ધ છે. કળાક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, રમતગમત, કે કોઈ પણ ફિલ્ડમાં સમજના યુવાઓને આગળ વધવા બનતું બધું જ કરી છૂટે. સમાજનું નામ રોશન કરતા તમામ લોકોને બિરદાવે છે. આમામી સમયમાં સમુહ લગ્નોત્સવ પણ યોજવાની ઈચ્છા ખરી. ઉપરાંત જે પણ સમાજ હિતનું હશે, એ તમામ કામ કરવા તત્પર હોય છે. સમગ્ર ટીમ સાથે મળીને સતત કાર્યરત રહે છે.

નાનપણમાં આર એસ એસ, શાખામાં ખાખી ચડ્ડી પહેરીને જતા. એટલે રાષ્ટ્રવાદ એમની રગોમાં દોડે છે. કોઈ રાજકિય મહત્વાકાંક્ષા નથી. ધંધામાંથી સમય મળે એ સમાજ સેવામાં આપે છે. ભગવાન શિવને ગુરુ માને છે અને સ્વામી વિવેકાનંદના વિચારોથી પ્રભાવિત છે. એમને પ્રેરણા માને છે. દશનામ ગોસ્વામીઓ ધર્મના પ્રહરીઓ છે, એનું એમને ગૌરવ છે. આદિ જગદગુરૂ શંકરાચાર્યે સ્થાપેલા ધર્મ વૃક્ષ આજે વિરાટતા પામ્યું છે. ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં દશનામીઓ વસે છે અને ધંધા, રોજગાર ની સાથે સાથે ધર્મને ટકાવી રાખવા બનતું બધું જ કરી છૂટે છે.

સનાતની હોવાનું આત્મ ગૌરવ દરેક હિંદુઓને હોવું જોઈએ.

"ગોસ્વામી સમાજની સ્થાપના જ ધર્મના રક્ષણ, પ્રચાર, પ્રસાર માટે કરવામાં આવી છે, માટે સૌ પોતપોતાના સ્થાનેથી થઈ શકે એટલો ધર્મ નિભાવે. ઉપરાંત ગોસ્વામી સમાજમાં એકતાની ખાસ જરૂર છે. બહુ તંત બલવંત. એકતા વગર ઉધ્ધાર નથી. આજે સમાજ પ્રગતિના પંથે છે, ત્યારે સૌ યથાશકિત યોગદાન આપે એ સમયની માંગ છે."

એમ ઉપ પ્રમુખ સાહેબ જણાવતાં આગળ ઉમરે છે કે, "શિક્ષણ ક્ષેત્રે આજની પેઢી આગળ આવે એ જરુરી છે. ધર્મની સાથે શિક્ષણનો સંગમ થાય તો સોનામાં સુગંધ ભળે."

આવા અલગારી માનવને વંદન હો.

ઓમ નમો નારાયણ.

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને ઉતરોત્તર પ્રગતિની

હાર્દિક શુભકામનાઓ

:: શુભેચ્છક ::

શ્રી સુરત દશનામ ગોસ્વામી વિકાસ મંડળ, ઉપપ્રમુખશ્રી

જીગ્નેશગિરિ જગદીશગિરિ ગોસ્વામી

(ઓલપાડ, સુરત)

બ્રોકરીંગ – મો.નં.: 99258 43449

ગૌ પાલક
મહાત્મા



અલગારી, મસ્તાના ગૌ પાલક મહાત્મા...

શ્રી મનોજગિરિ ગૌરીગિરિ ગોસ્વામી

(આંબળાશ - સુરત)

દશનામ ગોસ્વામી સમાજમાં કંઈ કેટલાય મહાનુભાવો છે, જેમનાં શબ્દ દર્શન કરવાં જોઈએ.

સોમનાથ જિલ્લાના, તાલાળા તાલુકાના આંબળાશ ગામનાં ધર્મ પારાયણ ગૌરીગિરિ બાપુ- માતુશ્રી ચંપાબેન નાં આંગણે તારીખ 30,10,1975નાં રોજ મનોજગિરિનો જન્મ થયો. પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો. તોફાની બાળપણ વીત્યું. ધાર્મિક ખોરડું, એટલે ધર્મ, અર્થ, કામ મોક્ષનું શિક્ષણ ગળથૂથીમાં મળ્યું. ધર્મને જીવી જાણ્યો, માણ્યો. ડ્રાઈવિંગનો શોખ અને ભ્રમણનો પણ શોખ. સુરતમાં સ્થાયી થયા. દરમિયાન ચારધામની યાત્રા કરી. માનવતાના હિમાયતી. અનેક સંસ્થાઓમાં સેવા બજાવી.

1998માં કોડીનાર તાલુકાના સોડાજ ગામનાં ભરતગિરિ બાપુનાં દીકરી જશવંતીબેન સાથે પ્રભુતામાં પગલાં પાડયાં. બે સંતાનો છે, ચિરાગગિરિ અને મયુરીબેન. ગુરુજી સત હરિરામ બાપા પાસે થી ધર્મનું સ્વરૂપ જાણ્યું. ગ્રંથો કંઠસ્થ કરવા કરતાં થઇ શકે એટલી સેવા બજાવવી... આવો અર્થ તારવ્યો ધર્મનો. અનેક સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં સેવા આપી. પદ કરતાં કાર્ય વધુ મહત્વનું માન્યું. અનેક સન્માન મળ્યાં. માતા, પિતાનું ઋણ ઉતારવા એમનાં પદચિહ્નો પર ચાલીને પૂરણ આશ્રમ ચલાવે છે. વૃદ્ધોની સેવા, ગૌ સેવા એ જ જીવનનું લક્ષ્ય. મોટપનો ભાર રાખ્યા વગર આશ્રમમાં વાછરડાં સાથે ખેલકૂદ કરે. પક્ષીઓ કલશોર કરીને બાપુનાં ખોળામાં બેસી જાય. બાપુ વૃદ્ધોની સંભાળ રાખે. સવાયા દીકરા બની બતાવે છે. પૂજ્ય મનોજગિરિ બાપુ જણાવે છે:-

"આપણે ધર્મ રક્ષક સમાજ. શિવ બાળક. એટલે બની શકે એટલો ધર્મ જીવીએ. ધર્મનાં પ્રચાર તો જ શક્ય બને, જો ધર્મને જીવી બતાવીએ. આપણે સનાતન ધર્મનાં પ્રહરી છીએ. ભગવો ભેખ ખભે હોય એટલે જગત ઓળખી જાય અને જે શંકરની, જે ગિરનારી, ઓમ નમો નારાયણ બાપુ કહે. આ ઓળખ જાળવી રાખવી પડશે. હર હર મહાદેવ "

આશ્રમમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે. સંતોના આગમન, ભજન, ભોજન, અને હર હર મહાદેવનો નાદ ગુંજે છે. આવા અલગારી મહાત્માને વંદન હો.

ઓમ નમો નારાયણ

॥ હરિ ૐ તત્સત્ ॥

સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને

ઉત્તરોત્તર પ્રગતિની

હાર્દિક શુભકામનાઓ

સંત ગૌરી ગીરી બાપુ

સંત ચંપાબા

॥ જે ભગવાન ॥

પૂરણ ધામ

ગૌશાળા & વૃધ્ધાશ્રમ

નેશનલ હાઈવે નં. ૮,
ધોરણ પારડી ગામ,
સંત ગૌરી ગીરીબાપુનો આશ્રમ.

Reg. No.: A/3455/Surat

AXIS BANK A/c. No.: 92102 00309 94852

ગીરીબાપુ : 99131 77105, 94266 77105

સમાજ ગૌરવ

શ્રી ગોસ્વામી સમાજ વિકાસ મંડળ, સુરત - મંત્રીશ્રી

ગોસ્વામી **મેહુલગિરિ** મહેશગિરિ

(ભૈરવ - સુરત)

ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીયે, ગમતાંનો કરીયે ગુલાલ...!

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજ, સુરતમાં અનેક સમાજ રત્નો પાક્યાં છે, એમનાં જીવન - કવન સમગ્ર ગુજરાત દશનામ સમક્ષ મૂકવાનો અનહદ આનંદ થાય છે. આવું જ એક રઢિયાળી રાત જેવું નામ એટલે મંત્રી શ્રી મેહુલગિરિ બાપુ...

ગોસ્વામી સમાજ વિકાસ મંડળ, સુરતના મંત્રી તરીકે સુંદર મઝાની કામગીરી બજાવતા મેહુલગિરિ મહેશગિરિ ગોસ્વામી સંઘર્ષ કરીને આગળ આવ્યા છે, એટલે પ્રોત્સાહનનું મહત્વ સમજે છે. કામરેજ તાલુકાના ભૈરવ ગામના મહેશગિરિ બાપુ - ઉષા બાનું ખાનદાની - ધાર્મિક ખોરડું. દેવ પૂજા તથા ખેતી કરે. ૧૦ પાસ કર્યા બાદ આઈ. ટી. આઈ. કર્યું. આગળ ભણવું હતું, પણ આર્થિક સ્થિતિ વિષમ હોવાથી ભણી શક્યા નહીં. અન્યથા આજે તેઓ કોઈ મોટી સરકારી નોકરી કરતા હોત. શિક્ષણનું મહત્વ સુપેરે સમજે છે, એથી શિક્ષણ ક્ષેત્રે સમાજના વિદ્યાર્થીઓને મદદ કરે છે. નાનપણથી જ કામે લાગી જવું પડ્યું. સ્કૂલમાં હતા ત્યારથી નોકરી કરવા લાગ્યા હતા. કેન્ટિનમાં માસિક વેતન ૨૫૦/- માં નોકરી કરી. સંગીતનો જબરો શોખ. બચત કરીને નાનપણમાં વોકમેન ખરીદી. આવી નાની નાની યાદગાર ક્ષણોમાં બાળપણ

વીત્યું. અભાવો વચ્ચે ઉછર્યા, પણ સંસ્કારોને વધુ મજબુતીથી જકડી રાખ્યા. તવંગર માણસો કરતાં મધ્યમ વર્ગના લોકો ધર્મ, સમાજ પ્રત્યે વધુ આદર, લાગણી ધરાવતા હોય છે. હાલે ટાટા કંપનીમાં સારી પોસ્ટ પર જોબ કરે છે. જ્યાં મેહુલગિરિને અનેક વખત ઇમ્પ્લોય ઓફ ધ મંથ અને ઈમ્પ્લોય ઓફ ધ યરનો એવોર્ડ મળ્યો છે.

મંત્રી સાહેબ ખરેખર કાચી માટી જેવા છે, કોઈ પણ પરિસ્થિતિમાં ઢળી જાય અને એ પ્રમાણે આકાર પામે. થોડા વરણાગી છે, થોડા સ્વપ્નિલ પણ છે. ગઝલના માણસ છે. કયારેક મુશાયરામાં ઈર્શાદ ઈર્શાદ વચ્ચે ગઝલ પેશ કરતા જોવા મળે, તો કયારેક ક્રિકેટ ટુર્નામેન્ટમાં કૉમેન્ટ્રી કરતા હોય, કયારેક સમાજના કાર્યક્રમમાં હૈયું ખોલીને બેસી જાય, તો કયારેક વળી સ્ટેન્ડઅપ કૉમેડી કરીને લોકોને હસાવતા પણ જોવા મળે. ગઝલકારો આપણાં સમાજમાં આંગળીના વેઢે ગણી શકાય એટલા જ છે. કૉમેડી ઈટ્સ નોટ અ જોક. લોકોને રડાવવા સહેલા છે, પણ હસાવવા અઘરા. પરિસ્થિતિએ સાથ આપ્યો હોત તો આપણાં ભાઇ ગુજરાતી ગૌરવ તરીકે ખ્યાતિ પામ્યા હોત.

આર્થિક ઉપાર્જનમાંથી સમય મળ્યો નહીં, અન્યથા ભાઇ શ્રી કુદરતી આશિર્વાદ પ્રાપ્ત ટેલેન્ટને જગ સમક્ષ રજુ કરી શક્યા હોત. અલબત્ત, એવો કોઈ રંજ નથી. બિતી બાત પે ધૂલ ઉડાતા ચલું... ગીત ગાતા ફક્કડ રૂમઝૂમ માણસ છે. ગમતું મળે તો અલ્યા ગજવે ન ઘાલીયે, ગમતાનો કરીયે ગુલાલ... એવા માનવી છે. નોકરીમાંથી સમય મળે તેને પોતાના શોખ કેળવવામાં અને સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં સેવા બજાવવામાં સમય રૂપી ચેક વાપરે છે. અનેક એવોર્ડ્સ મળ્યા છે.

૧૪ ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ એમનાં લગ્ન ધરમપુર (જિલ્લો વલસાડ) નિવાસી પ્રવીણગિરિ ભગવાનગિરિ ગોસ્વામી બાપુનાં દીકરી સેજલબેન સાથે થયાં. સેજલબેન ગોસ્વામી પણ હેલ્થ વિભાગમાં લેબ ટેકનીશ્યન તરીકે ફરજ બજાવે છે. મોટી દીકરી હીર બેન બાર પાસ કરીને મેડિકલ એન્ટરન્સ ટેસ્ટની તૈયારી કરે છે. નાની દીકરી રાશી નવમા ધોરણમાં અભ્યાસ કરે છે.

ગોસ્વામી સમાજ વિકાસ મંડળ, સુરતમાં મંત્રી તરીકે સેવાકીય પ્રવૃતિઓ કરે છે. ઉપરાંત અન્ય સામાજિક ધાર્મિક સંસ્થાઓમાં સેવા બજાવે છે. દશનામી હોવાનું ગૌરવ છે અને સનાતની હોવાનું અભિમાન છે. સમાજ તથા ધર્મ માટે તન, મન, ધનથી સેવા કરી રહ્યા છે. સકારાત્મક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપે છે. શિક્ષણ ક્ષેત્રે સમાજના વિદ્યાર્થીઓને મદદ કરે છે. સમાજનું કંઈ પણ કાર્ય હોય, મંત્રી સાહેબ અચૂક હાજર હોય. શબ્દોનાં માલમી માણસ છે. એમનાં જ શબ્દોમાં કહીએ તો.:

જે માણસાઈથી મઢેલી હોય છે, તે ઝુંપડી પણ મહેલ હોય છે...

આવા માણસાઈ વાળા માનવીને ઓમ નમો નારાયણ.

સમાજ સેવા

સમાજ સેવાનું વ્યસન ધરાવતા...!
ગોસ્વામી ઉમેશપુરી કૈલાસપુરી
(મોરા ગામ, સુરત)

સુરતમાં સમાજનો કે કોઈ પણ કાર્યક્રમ હોય ત્યારે એક અવાજ અચૂક ગુંજે. મીઠા ગળાના માલિકનો ઘેઘૂર અવાજ હોલમાં ગૂંજી ઉઠે :

તેરે ચહેરે મેં વો જાદુ હૈ....

ઓલ્ડ ઈઝ ગોલ્ડ. જૂના ગીતો સાંભળીને ઓડિયન્સ મંત્રમુગ્ધ બની જાય.

આવા વરણાગી મળવા જેવા માનવી એટલે ઉમેશ બાપુ.

સુરતમાં દશનામ ગોસ્વામી સમાજના અગ્રણીઓએ અનેક રીતે સમાજ ઉપયોગી કાર્યોની ધૂણી ધખાવી છે, એમાંનાં એક કર્મયોગી મૂળ સુરતી લાલા એવા ઉમેશપુરી બાપુને આવો, મળીએ...

મૂળ ગામ - મોરા ગામ, હજીરા રોડ, સુરત. દાદા ખેતીવાડી અને દેવ સેવા કરતા હતા. કૈલાશપુરી બાપુએ ૧૬ વર્ષની ઉંમરે ૧૯૭૦માં માત્ર ૩૫ રૂપિયામાં એક નાનકડી દુકાન શરુ કરી, એ બાદ ત્યાં જ પોતે પરિવાર જોડે ફરસાણ બનાવાનું શરૂ કર્યું, જે આજે સુપર સ્ટોરમાં ફેરવાઇ ગયું છે અને ફરસાણ બનાવવાની ફેક્ટરી પણ છે. તથા હજીરા ખાતે માં સિંગોતર આશાપુરી અને મોરામાં શ્રી નાગેશ્વર મહાદેવની સદીઓ જૂની પેઢીઓથી દેવ સેવા પણ કાર્યરત છે.

ઉમેશપુરીએ ૧૨ કોમર્સ સુધી અભ્યાસ કર્યો. ઉમેશભાઈના જન્મનાં આશરે ૨ વર્ષ બાદ માતા મંજુલાબેનનું નાગદંશથી મુર્ત્યુ થયું, એ બાદ ૪ બહેનો અને ૨ ભાઈઓને દાદી અને પિતાજી દ્વારા ખૂબ લાડ, પ્રેમથી ઉછેર્યા. પિતાજીએ બીજા લગ્ન કર્યા, પરંતુ જનેતાની ખોટ સાલવા દીધી ન હતી.

અભ્યાસ પૂરો કરીને L&t હજીરા ખાતે જોબ કરી. ૨૦૦૨માં. ૫૦૦૦ પગાર.

૨૦૦૨માં લગ્ન થયાં. ધર્મપત્ની કાશ્મીરાબેન, મોટો પુત્ર

ઋષિકપુરી, નાનો પુત્ર મોક્ષેસપુરી, સસરાનું નામ, દશનામ ગોસ્વામી મહામંડળ સંચાલિત ગોસ્વામી પ્રકાશનાં માજી તંત્રીશ્રી કંચનપુરી લક્ષ્મણપુરી વૈધના ત્રીજા પુત્ર યોગેશપુરી કંચનપુરી વૈધ, નિયોલ ગામ.

ગોસ્વામી સમાજ વિકાસ મંડળ સુરત નવસારી તાપી જિલ્લા પ્રમુખશ્રી તરીકે ૨૦૨૨ થી સેવા બજાવી રહ્યા છે. શ્રી સિકોતર માતા ટ્રસ્ટ હજીરા, ટ્રસ્ટી

શ્રી નાગેશ્વર મહાદેવ ટ્રસ્ટ મોરા, ટ્રસ્ટી સહિત અનેક સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા રહે છે.

ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા છે. રાષ્ટ્રીય વિચારધારા ધરાવે છે.

દેવાધિદેવ મહાદેવ ભોળાનાથની સેવા કરનાર આપણો સમાજ શિવ સેવા ઉપરાંત હવે ટેક્નોલોજી અને સુપર ફાસ્ટ જમાનામાં દરેક સ્થાને સામાજિક, વિજ્ઞાન રાજકીય ક્ષેત્રે સમાજનું નામ રોશન કરે છે એ બાબતે ગૌરવ અનુભવે છે.

આગામી સમયમાં શું આયોજન છે?

ગોસ્વામી સમાજ વિકાસ મંડળ સુરત, નવસારી, તાપી જિલ્લામાં સમાજની ભવ્ય વાડી બનાવવાનું આયોજન છે. આ બાબતે તેઓ કટિબદ્ધ છે.

આપની નજરે ધર્મ:-

ગોસ્વામી શબ્દમાં જ સ્વામી છે. દેવ સેવા કરવી એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. કર્મ અને ધર્મ છે.

રાજકિય પોઇન્ટ ઓફ વ્યુ.:-

હું પોતે મારા ગામમાં ૨ વખત ભાજપ અને કોંગ્રેસ વિરુધ્ધ તાલુકા પંચાયત ચૂંટણી લડ્યો છું. પરંતુ હાલ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલ છું.

તાલુકા કક્ષાએ ચુંટણી લડ્યા હતા. આગામી સમયમાં મોકો મળે તો પક્ષ દ્વારા ચુંટણીમાં ઝંપલાવવાની ઈચ્છા ખરી. રાજકીય રીતે પણ સમાજ સેવા થઈ શકે.

ગુરુજીનું નામ: હેમગિરિ ગોસ્વામી (રાજકોટ).

આપની પ્રેરણા.:

મારી પ્રેરણા શુન્યમાંથી સર્જન કરનારા મારા પિતાશ્રી કૈલાશપુરી મગનપુરી ગોસ્વામી છે.જેમને દરેક જગ્યાએ મને આત્મબળ પૂરું પાડ્યું છે.

ઉમેશપુરી બાપુ સમાજને એક તાંતણે બાંધવા 24×7 પ્રયત્નશીલ રહે છે. કોઇ પણ કાર્ય હોય, તેઓ તન, મન, ધનથી ઉપ્લબ્ધ છે.

એમને એક જ વ્યસન છે:

સમાજ સેવા...!

પોતાના નોકરી, ધંધો, સામાજિક કે રાજકીય ક્ષેત્રે કે અન્ય દરેક સ્થાનો પર પોતાના સમાજના લોકોને મદદરૂપ થવું.

આવા અલગારી માનવને વંદન હો.

ઓમ નમો નારાયણ.

Umeshpuri K. Goswami

Since 1970 Goswami® FARSAN MART Asal Swad, Nava Andaj Ma

Test, Health aur Quality ka rakhe Khayal.

Goswami NAMKEEN

99989 86533 96383 80008

goswaminamkeen1970@gmail.com

At & Po. Mora Tekra, Char Rasta, Hazira Road, Surat-394517.

દશનામ સરક્યુલર

દશનામ
સરક્યુલર

માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

તદ્દન નિ:શૂલ્ક સુરતથી
ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવે છે.

ભજનિક

ગાયકી ક્ષેત્રમાં પાપા પગલી ભરતાં બેનશ્રી

પૂજાબેન મહેશગિરિ સુરેશગિરિ ગોસ્વામી

(જૂનાગઢ)

જગત પિતા ભોળાનાથને ગાયન, પ્રશસ્તિ, બહુ પ્રિય, એટલે માં સરસ્વતીને કહ્યું કે, મારા દશનામી પરિવારને સુખ, માયાનો એટલો બધો મોહ નહીં હોય, પણ ગાવા - લખવાનો વૈભવ આપજે...

એથી જ દશનામીઓમાં ગાયકી અને લેખન ઉતર્યું છે. ગુજરાતના ગામડે ગામડે ભજન મંડળમાં દશનામી હોય જ... ખભે ભગવી શાલ અને....

શંભુને રટી લે, ભોળાનાથને રટી લે, છોડ દુજા પાઠ દીનાનાથ રટી લે...

લલકારતા હોય.

આવી જ એક શિવબાળા, વંથલી તાલુકાના ટીનમસ ગામમાં ભજનની આહલેક જગાવતી. દશનામી કુળ, એટલે ભગવી ગળથૂથી મળી.

તો, આવો મળીએ કોકિલ કંઠી ગાયિકા પુજાબેનને..

વંથલી તાલુકાના ટીનમસ ગામમાં બુદ્ધગિરિ મેઘનાથી, ગોસ્વામી બાપુ

મહાદેવનાં પુજારી. આર્થિક ઉપાર્જનની સાથે સાથે પરિવારને, ગામને શિવતત્વનો મહિમા સમજાવે. દશનામ ગોસ્વામી સમાજની એક વિશેષતા એ છે કે ધર્મને જીવી બતાવે. પેઢી દર પેઢી ચાલતી આ પ્રક્રિયા. બુદ્ધગિરિ બાપુ - શોભનાબાને છ સંતાન. ચાર ચાર જુગ જેવી ચાર જોગમાયાઓ અને બે દીકરાઓ. બીજા નંબરની દીકરી પુજા પર ભોળાનાથ-સરસ્વતીનાં સંવાદ મુજબનાં આશિર્વાદ ઉતર્યા. નાનકડી ઉંમરે ગાયકી શરૂ કરી, સાતેક વર્ષની ઉંમરે. ગામમાં જ શરૂઆત કરી અને ગામ લોકોએ પ્રોત્સાહન આપ્યું. આમ, દશમા ધોરણ સુધી ભણતાં ભણતાં સ્વર સાધના કરી, જે અત્યાર સુધી ચાલુ છે. ઉંમર લાયક થતાં નજીકનાં ગામ બંધડાનાં મહેશગિરિ સાથે (૨૦૦૮)માં પરિણય સૂત્રમાં બંધાયાં. બે સંતાન છે, યશ્વી, રિયા.

અનેક સ્ટેજ પ્રોગ્રામ કર્યા છે. આલ્બમ બનાવ્યાં છે. કનકાઈ માતાજીની આરતી, શિવસ્તુતિ, કૃષ્ણ ગીતો... ગાયાં છે.

સમાજ માટે તેઓ નજીવો ચાર્જ કરે છે. ગુજરાતમાં ક્યાંય પણ પ્રોગ્રામ હોય, દશનામ ગોસ્વામી પરિવાર જનો માટે તેઓ તન, મન, ધનથી સહયોગ આપે છે. અનેક નાના - મોટા મંડળો સાથે પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે જોડાઈને સેવા બજાવે છે. દશનામી હોવાનું ગૌરવ છે. સતત ગાતાં રહેવું એ જ લક્ષ્ય...

બહેનશ્રી ખુબ ખુબ આગળ વધે એવી હાર્દિક શુભકામનાઓ.

ઓમ નમો નારાયણ.

(Neha) S.S. Goswami
(B.Com., M.S.W., LL.B.)
ADVOCATE
+91 89808 58885

Shaileshpuri P. Goswami
+91 70481 59135
Samarpan
Education & Charitable Trust
Reg.No.: E/9329/SURAT

Shop No. 6, Building No. A-2, Star Homes, B/h. Rajwadi Party Plot,
Old Kosad Road, Amroli, Surat-394107.

પ્રેરણાનું ઝરણું

શ્રી દશનામ ગોસ્વામી સમાજની એક પ્રેરણાદાયી દીકરી...

નેહાબેન શૈલેષપુરી ગોસ્વામી

(હળવદ - સુરત)

શ્રી સુરત સમસ્ત દશનામ ગોસ્વામી સમાજ વિશેષાંકમાં એક એકથી ચડિયાતા જીવન - કવન સાંપડી રહયાં છે. એમાંનો એક પ્રેરણાદાયી કિસ્સો ખરેખર સમગ્ર દેશમાં સૌએ નોંધવો જોઇએ. પ્રેરણા લેવી જોઈએ.

લગ્નનાં પંદર વર્ષ બાદ ભણવાનું ચાલુ કરી શકાય ? હા, જો નેહાબેન જેવી જીજીવિષા હોય અને શૈલેષ પુરી જેવો અડગ વિશ્વાસ, સાથે હોય તો....

મૂળ હળવદના પણ ધંધાર્થે સુરત સ્થાઈ થયેલા શૈલેષપુરીની આર્થિક સ્થિતિ વિષમ. હીરાના કારખાનામાં કામ કરે. જેમતેમ ગુજરાન ચલાવે. એમનાં લગ્ન નેહાબેન સાથે થયાં. ગરીબાઈ, છતાં ખમિરાત છોડી નહીં.તેમને સંતાન માં એક પુત્ર- આકાશ. નેહાબેન નાનપણથી ભણવામાં હોંશિયાર હતા. પરંતુ ધોરણ 12



પછી ભણવાનું છૂટી ગયેલ . ઘરમાં પતિને મદદરૂપ થવા નેહાબેન સાડીને ટીકી – સ્ટોન લગાવવાનું કામ કરતાં. આ જોઈને લગ્નનાં પંદર વર્ષ બાદ શૈલેષપુરીએ નેહાબેનને આગળ ભણવાનું સમજાવ્યું. ઊંમર મોટી થઇ ગઇ હતી, પણ જીજ્ઞાશા અવ્વલ હતી. તેમણે ભણવાનું ચાલુ કર્યું, નવેસરથી. બાર પાસ હતાં, આગળનો અભ્યાસ શરૂ કર્યો. નર્મદ યુનિવર્સિટી માં એક્ષ્ટનલ માં બી. કોમ. કર્યું. ત્યારબાદ BAOU ઓપન યુનિવર્સિટીમાં MSW માં અભ્યાસ કર્યો. 2018 માં આખા ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે પાસ થયાં. ગોલ્ડ મેડલ મળ્યો. ત્યારબાદ તેમના પતિની ઈચ્છાને મન આપી LAW માં એડ્મિશન લીધું અને અત્યારે વકીલાતની પ્રેક્ટિસ કરે છે. સાથે સાથે બેન શ્રી સોશ્યલ વર્ક માં PHD કરી રહ્યાં છે. જેનો વિષય દશનામ ગોસ્વામી સમાજ છે. આ વિષય પર હજૂ સુધી કોઈએ ઝાઝું સંશોધન કર્યું નથી. અનેક સન્માનો મળ્યાં છે. અનેક સંસ્થાઓ સાથે પ્રત્યક્ષ, પરોક્ષ રીતે જોડાઈને સેવાકીય પ્રવૃતિઓ કરે છે. બે અભ્યાસ કેન્દ્રો ચલાવે છે. ત્રણેક વર્ષ પહેલાં આ જોડલી દ્વારા સમર્પણ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. જેના નેજા હેઠળ શિક્ષણ, આરોગ્ય, સામજિક, ધાર્મિક સહિતનાં અનેક સત્યકર્મો કરી રહ્યાં છે. સેન્ટરમાં એવા લોકોને હેલ્પ કરે છે, જેમને ભણવાની સાથે જોબ કરવી છે. મેડિકલનાં સાધનો પણ વસાવવામાં આવશે.18/03/1979 નાં રોજ જન્મેલાં બેન શ્રી અનેક રીતે સેવાકીય પ્રવૃતિઓ કરે છે. સુરત જિલ્લા દશનામ ગોસ્વામી સમાજ મહિલા મંડળનાં ઉપ પ્રમુખ પદે સેવા બજાવી રહ્યા છે. પોતાની સફળતાનું શ્રેય તેમના પતિશ્રી શૈલેષપુરીને આપે છે.(જન્મ તારીખ: ૩૦/૦૯/૧૯૭૪)

કપરા સંજોગોમાં પણ ભણવા માટે પ્રોત્સાહન આપ્યું. સોનું વેચીને પણ કોલેજની ફી ભરી. દિવસ, રાત કાળી મજૂરી કરીને પણ નેહાબેનને ભણાવ્યાં. આજે આ દંપતિ સેવાની પરબડી ચલાવી રહ્યાં છે. સમગ્ર માનવજાત માટે અનેકવિધ કાર્યક્રમો યોજે છે. બેન શ્રીને મોટી મોટી શૈક્ષણિક સંસ્થાઓ લેક્ચર આપવા માટે આમંત્રણ પાઠવવામાં આવે છે. નેહાબેન ગોસ્વામી સમાજને શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા આહ્વાન કરે છે. સાથે સાથે સમાજ માટે બનતું બધું જ કરી છૂટવાની ભાવના ધરાવે છે.

પ્રેરણાદાયી કપલને વંદન હો.

સમાજ સેવા

સુરત જિલ્લા દશનામ સમાજના મુઠ્ઠી ઊંચેરા માનવી

શ્રી રાકેશપુરી કંચનપુરી ગોસ્વામી

(પિંજરત - સુરત.)

સુરત જિલ્લા દશનામ ગોસ્વામી સમાજમાં કંઈ કેટલાય મહાનુભાવો સમાજ સેવાની જ્યોત જલાવી રહ્યા છે એમાનું એક નામ એટલે શ્રી રાકેશપુરી...

સમાજના જાણીતા બિલ્ડર શ્રી રાકેશપુરી કંચનપુરી ગોસ્વામી વિરલ વ્યક્તિત્વ છે. પ્રેરણાદાઈ જીવનનું દર્શન થાય છે. સાદું જીવન અને ઉચ્ચ વિચારો... એ એમનો જીવનમંત્ર. એમનો જન્મ તા. ૧૦મી, ડિસેમ્બર, ૧૯૭૪ના રોજ સુર્ય પુત્રી તાપી નદીને કાંઠે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના પીંજરત ગામે થયો. પ્રેમાળ પિતા અને વત્સલ માતા મંજુલાબેન કંચનપુરી ગોસ્વામી, પત્ની સ્વ. વનિતાબેન, પુત્રી પિયા (કેનેડા), જમાઈ જયકુમાર (કેનેડા) પુત્ર વિરાજપુરીનો સંસ્કાર યુક્ત પરિવાર છે.

સુરતના કર્મભૂમિ બનાવનાર શ્રી રાકેશપુરી ભલે અભ્યાસ ઓછો ધરાવે છે, છતાં પણ તેમની અનન્ય કોઠાસૂજ, સંકલ્પશક્તિ, પ્રબળ પુરુષાર્થ સભર પરમાર્થ, નિષ્કામ સેવાવૃત્તિ અને ઈશ્વરભક્તિનાં દર્શન થાય છે. ૪૯ વર્ષનું કર્મનિષ્ઠ જીવન પરોપકાર અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ તેમણે પુરું પાડયું છે. સામાન્ય રીતે કહેવાય છે કે મોટાભાગની અસમર્થતાઓ સામાજિક પરિસ્થિતિની પેદાશ હોય છે. સમાજમાં આવતાં પરિવર્તનો કેટલીક વ્યક્તિઓને કે કેટલાંક જૂથોને અસહાય પરિસ્થિતિમાં ધકેલી દે છે, જેઓ પૂર્વે સારી રીતે ગોઠવાયેલાં હોય છે. ઝડપથી બદલાતા જતા સમાજમાં અસમર્થ બનતાં નવાં નવાં જૂથોને ઓળખીને પરિવર્તનને કારણે પૂર્વેનાં કેટલાંક અસમર્થ જૂથો સામર્થ્ય પ્રાપ્ત કરે એ શુભ આશયથી કપરી પરિસ્થિતિમાં તેઓ ડગ્યા વગર નવી નવી કેડીઓ કંડારતા રહ્યા. શૂન્યમાંથી સર્જન કરનાર શ્રી રાકેશભાઇ ગોસ્વામીએ છેલ્લા ૧૫ વર્ષથી સુરત, નવસારી અને તાપી જીલ્લામાં કાર્યરત ગોસ્વામી સમાજ વિકાસ મંડળમાં અધ્યક્ષપદે રહી કુનેહપૂર્વક સફળતાથી કામગીરી બજાવ્યા બાદ નવા સુકાની શ્રી ઉમેશભાઈને વિકાસ અર્થે સોંપ્યું છે. શ્રી રાકેશપુરી રણજીટ્રોફી ખેલાડી રહી ચૂક્યા છે. પ્રત્યેક વર્ષે ગોસ્વામી સમાજમાં મોટા પાયે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાનું કામ કરે છે. ગોસ્વામી સમાજની ટીમ હૈદ્રાબાદ, દિલ્હી, રાજસ્થાન ખાતે રાષ્ટ્રીય ટુર્નામેન્ટ ચેમ્પીયનશીપ મેળવવાનું શ્રેય ધરાવે છે. શહેરના કોઇપણ નાગરિકોના કોઇપણ પ્રકારના ગૂંચવાયેલા પ્રશ્નોનો કે સમસ્યાના નિરાકરણ માટે શ્રી રાકેશપુરીજી સક્રિય રહે છે. પ્રોબ્લેમ શૂટર શ્રી રાકેશપુરીએ આંતરરાષ્ટ્રીય સ્વદેશી સેવાકીય સંસ્થા જાયન્ટસ વેલ્ફેર ફાઉન્ડેશનના સ્થાનિક જાયન્ટસ ગ્રુપ ઓફ સુરત મેઈનના પ્રમુખ પદે ગત વર્ષે એટલે કે ૨૦૨૪ના વર્ષમાં તેમણે ફેડરેશન ક્ષેત્રે અને ઇન્ટરનેશનલ ક્ષેત્ર અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા છે, જે સમાજ માટે ગૌરવની વાત છે. સામાજિક ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવનારા ભાઇ શ્રી રાકેશપુરીનો સંક્ષિપ્ત પરિચય આપણા સમાજના સ્વજનોના હૃદયમાં પ્રકાશ ફેલાવે તો આશ્ચર્ય નહીં દેખાય!.

અનેક સામાજિક ધાર્મિક સંસ્થાઓમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે સેવા બજાવે છે. અનેક મંડળોમાં જોડાયેલા છે. દશનામી હોવાનું ગૌરવ ધરાવે છે. આવા કર્મઠ માનવને ઓમ નમો નારાયણ.

-રમેશ ગોસ્વામી 'સારથિ

દશનામ
સરક્યુલર

માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

દશનામ સરક્યુલર

દ્વારા પ્રકાશિત થયેલા **વિશેષાંકો**ની ઝલક...

દરેક અંક **ડાઉનલોડ** કરવા માટે **CLICK**